શ્રી જિનેન્દ્રાય નમઃ

પ્રશ્નોત્તરજ્ઞાનમાળા

પ્રકરણ ૨ જું.

શ્વેતામ્બર સાધુમાર્ગી જૈન ધર્માવલંબી લિંબડી
સમુદાયના વિદ્વાન મુનિરાજ શ્રી મંગળજી સ્વામીના
શિષ્યવર્ય મુનિશ્રી કૃષ્ણજી સ્વામી રચીત.

તે

ધોરાજી નિવાસી પુરૂષોત્તમ તલકચંદે
જૈનબંધુઓના હિતાર્થે
શ્રી અમદાવાદ 'જૈનસમાચાર' પ્રેસમાં
છપાવી પ્રસિદ્ધ કર્યું.

આવૃત્તિ ૧ લી-પ્રત ૧૦૦૦

મહાવીર સંવત ૨૪૩૫ આશ્વીન શુદી ૧૦

મૂલ્ય ૦-૨-૦.

श्री जिनेन्द्राय नमः

પ્રશ્નોત્તરજ્ઞાનમાળા

પ્રકરણ ૨ જું.

શ્રી શ્વેતામ્બર સાધુમાર્ગી જૈન ધર્માવલંબી લિંબડી
સમુદાયના વિદ્વાન મુનિરાજ શ્રી મંગળજી સ્વામીના
શિષ્યવર્ય મુનિશ્રી કૃષ્ણજી સ્વામી રચીત.

તે

ધોરાજી નિવાસી પુરૂષોત્તમ તલકચંદે

જૈનબંધુઓના હિતાર્થે

શ્રી અમદાવાદ 'જૈનસમાચાર' પ્રેસમાં

છપાવી પ્રસિદ્ધ કર્યું.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦

મહાવીર સંવત ૨૪૩૫ આશ્વીન શુદી ૧૦

મૂલ્ય ૦-૨-૦.

ક્યાં છે? ક્યાં છે? ક્યાં છે?

૨૭૭૩

'શ્રાવિકા ધર્મપ્રકાશ'

ક્યાં છે?

દરેક શ્રાવિકાએ અવશ્ય વાંચવા લાયક

ઉપદેશના ભંડાર રૂપ

'શ્રાવિકા ધર્મપ્રકાશ' હજી તો છપાય છે.

જોઈએ તો નામ હમણાંજ નોંધાવો.

જાહેર ખબર.

પ્રશ્નોત્તર જ્ઞાનમાળા નામના ગ્રંથમાં ૨૭ પ્રકરણ છે, જેમાંથી છકાયના બોલનું પ્રથમ પ્રકરણ પ્રશ્ન ૧૫૦ વાળું શ્રી મંગળ જૈન-શાળાના પુસ્તકની વૃદ્ધિને અર્થે છપાવવામાં આવ્યું છે. જેની કીંમત ફક્ત છ પાઇ રાખેલ છે. પ્રકરણ બીજું નવ તત્વના પ્રશ્નોત્તર ૨૦૦૦ વાળું પુસ્તક આજે છપાઇને બહાર પડે છે, જેની કીંમત બે આના રાખવામાં આવી છે. હવે પ્રકરણ ત્રીજું દંડકનું પણ થોડા દિવસમાં છપાઈ બહાર પડશે. એ ઉપરાંત—

૧ સુર સુંદરીનો રાસ	રૂ. ૦-૪-૦
૨ સતી ચંદ્રકળા	રૂ. ૦-૫-૦

એ બે પુસ્તકો એમ કુલ ૪ પુસ્તકો નીચે જણાવેલે ઠેકાણેથી મળી શકશેઃ—

(૧) મંગળ જૈનશાળા; હા. બખાઇ પ્રભાશંકર રણછોડ,
ધોરાજી—કાઠીયાવાડ.

(૨) પટેલ મોતીચંદ લક્ષ્મીચંદ મુ. સઇ, પોષ્ટ રાપર (કચ્છ-વાગડ)

☞ એકલું "સામાયિક" ધોરાજી શ્રી મંગળ જૈનશાળાના વિદ્યાર્થીઓને તથા દેશાવરી જૈનબંધુઓના હિતાર્થે શ્રી રાયડીવાળા જૈની તરફથી ભેટ મળે છે. જેને જોઇએ તેણે અડધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવું. ઠેકાણુંઃ—શા. ન્યાલચંદ જયચંદ—ધોરાજી.

અર્પણ.

લીંબડી સંપ્રદાયના વખણાતા માનવંતા પરમ પવિત્ર પરમ ગુણી ધૈર્ય-ગાંભીર્ય આદિ અનેક ગુણ સંપન્ન પંડીત રાજ મહારાજશ્રી ૭ મંગળજી સ્વામી તથા તેમના શિષ્ય શાન્તદાન્ત સરલ સ્વભાવિક તપસ્વીજી શ્રી પ્રાગજી સ્વામી જે મારા સંસારપક્ષના સગા કાકા થાય છે તેમના દર્શનાર્થે હું શ્રી વાંકાનેર મુકામે ગયો હતો તેની યાદગીરી માટે, સત્યાવીસ પ્રકરણવાળું, આ, પ્રશ્નોત્તર જ્ઞાનમાળા નામના ગ્રંથનું બીજું પ્રકરણ, નવતત્વના જાણપણા માટે ઉપયોગી સમજી છપાવવા ઉમંગ થયો; તે ઉમંગ પાર પાડવા આ પુસ્તક છપાવી શ્રી ધોરાજી મંગળ જૈનશાળાના પુસ્તકની વૃદ્ધિ અર્થે આવતી કિંમત અર્પણ કરૂં છું.

હું છું,

શ્રી સંઘનો સેવક,

પુરૂષોત્તમ તલકચંદ (ધોરાજી.)

प्रश्नोत्तर ज्ञानमाला.

प्रकरण बीजुं.

શિષ્ય—સવિનય ગુરૂ મહારાજને વંદણા કરી પુછે છે કે નવ તત્વ કોને કહેવા ?

ઉત્તર—જીવતત્વ, અજીવતત્વ, પુન્યતત્વ, પાપતત્વ, આશ્રવતત્વ, સંવરતત્વ, નિર્જરાતત્વ, બંધતત્વ અને મોક્ષતત્વ.

પ્રશ્ન, નવ તત્વમાંથી મીશ્ર તત્વ કેટલાં ?

ઉ. એક અજીવ તત્વ.

પ્ર. નવતત્વમાંથી જાણવા જોગ કેટલાં તત્વ ?

ઉ. નવે તત્વ તે પૂર્વવત્.

પ્ર. નવતત્વમાંથી આદરવા જોગ કેટલાં ?

ઉ. *પુન્ય, સંવર, નીર્જરા, અને મોક્ષ એ ચાર આદરવાજોગ.

પ્ર. નવ તત્વમાંથી છાંડવા જોગ કેટલાં ?

ઉ. અજીવ, પુણ્ય*, પાપ, આશ્રવ, અને બંધ, એ પાંચ જીવને છાંડવા જોગ છે.

પ્ર. નવ તત્વમાંથી નીજ ગુણમાં કેટલાં ?

ઉ. પાંચ. તે જીવ, પુણ્ય, સંવર, નીર્જરા, અને મોક્ષ.

---

* વ્યવહાર નયે.

* નિશ્ચય નયે.

પ્ર. નવ તત્વમાંથી પરગુણુણાં કેટલા?

ઉ. ચાર. અજીવ, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. નવ તત્વમાંથી સચેત કેટલા ?

ઉ. જીવ*, સંવર, નિર્જરા, અને મોક્ષ એ ચાર.

પ્ર. નવ તત્વમાંથી અચેત કેટલાં ?

ઉ. અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, અને બંધ એ પાંચ અચેત

પ્ર. નવ તત્વમાંથી સલેસી કેટલાં ?

ઉ. સલેસી નવે તત્વ

પ્ર. અલેસી કેટલાં ?

ઉ. એક. તે ચૌદમે ગુણસ્થાને જીવ વર્ત્તે તે વખતે. તથા મોક્ષમાં ગયા તે.

પ્ર. જીવ તત્વ, કેટલા લોકમાં લાભે?

ઉ. ચૌદે રાજ લોકમાં.

પ્ર. ચૌદ રાજલોક કોને કહેવા ?

ઉ. સાતે નરક મળીને સાત રાજ, લોકના મધ્યથી બીજાદેવલોકસુધી દોઢરાજ, ત્યાંથી એકરાજ ચોથુ દેવલોક, ત્યાંથી દોઢરાજ પાંચમું, છઠું. સાતમું, અને આઠમું દેવલોક છે. ત્યાંથી એકરાજ નવમું, દસમું, અગીઆરમું ને બારમું દેવલોક છે, ત્યાંથી એકરાજ નવગ્રીવેક છે. ત્યાંથી એકરાજ પાંચ અનુતર વિમાન તથા સિદ્ધસીલા છે, એમ ચૌદરાજ લોક જાણવા.

પ્ર. અજીવ તત્વ કેટલા લોકમાં લાભે ?

ઉ. લોકા લોકમાં તે આકાશ આશ્રી.

---

* જીવના ગુણ છે માટે.

પ્ર. પુણ્ય તત્વ કેટલા લોકમાં લાભે?

ઉ. દેશે ઉણા ચૌદરાજલોકમાં લાભે. ઉણું કેવાનું કારણ કે, બાદર નામ કરમ, પુણ્યના યોગ્યથી બાંધે માટે લોકને અંતે એકલા સુક્ષ્મનો દાયકો* છે, જેથી.

પ્ર. પાપ તત્વ કેટલા લોકમાં લાભે?

ઉ. પુરણ ચૌદ રાજલોકમાં લાભે.

પ્ર. આશ્રવ કેટલા લોકમાં લાભે?

ઉ. ચૌદ રાજલોકમાં

પ્ર. સંવર તત્વ કેટલા લોકમાં લાભે?

ઉ. બે લોકમાં, ત્રીચ્છા તથા નીચા; ત્રીચ્છા તે આપણે રહીયે છીએ તે, અને નીચા તે એક હજાર જોજનની સલીલાવતી વિજય આશ્રી.

પ્ર. નિર્જરા તત્વ કેટલા લોકમાં લાભે?

ઉ. પૂર્વવત. બે લોકમાં, તે સકામ આશ્રી, અને અકામ નિર્જરા આશ્રી ત્રણે લોકમાં લાભે.

પ્ર. બંધ તત્વ કેટલા લોકમાં લાભે?

ઉ. ત્રણે લોકમાં (ચૌદરાજ લોકમાં)

પ્ર. મોક્ષ તત્વ કેટલા લેકમાં લાભે?

ઉ. અઢી દ્વીપ પ્રમાણે.

પ્ર. નવ તત્વમાંથી ભાવ જીવમાં કેટલા તત્વ લાભે?

ઉ. આઠ; તે જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને બંધ.

પ્ર. નવ તત્વમાંથી મીથ્યાતી જીવમાં કેટલા તત્વ?

---

* દાયકો એટલે શેકડો.

ઉ. ૭. તે જીવ, અજીવ. પુણ્ય. પાપ, આશ્રવ અને બંધ.
પ્ર. નવ તત્વમાંથી સમકીતીમાં કેટલા ?
ઉ. નવે તત્વ લાભે.
પ્ર. નવ તત્વમાંહે અજીવ્યમાં જીવ કેટલા ?
ઉ. એકે નહી.
પ્ર. નવતત્વમાંથી ભવજીવમાં કેટલા તત્વ લાભે ?
ઉ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ. સંવર, નિર્જરા, બંધ.
પ્ર. નવતત્વમાંથી અરૂપી અજીવમાં કેટલા તત્વ ?
ઉ. એક અજીવ.
પ્ર. નવ તત્વમાંથી પુણ્ય તત્વમાં કેટલા તત્વ ?
ઉ. પુન્યનાં દલીઆં, અજીવ આવવા તે આશ્રવ, તેથી બંધ પડે તે બંધ એટલે, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, અને બંધ.
પ્ર. નવ તત્વમાંથી પાપ તત્વ કેટલા ?
ઉ. ત્રણ તે અજીવ, આશ્રવ અને બંધ.
પ્ર. નવ તત્વમાંથી આશ્રવ:તત્વમાં કેટલા ?
ઉ. ચાર તે પુન્ય, પાપ અને બંધ.
પ્ર. નવતત્વમાંથી સંવર તત્વમાં કેટલા ?
ઉ. બે; તે જીવ અને નિર્જરા.
પ્ર. નવતત્વમાંથી નિર્જરા તત્વમાં કેટલા ?
ઉ. ત્રણ તે જીવ, સંવર અને મોક્ષ. કેટલાક નિર્જરા પણ કહે છે.
પ્ર. નવ તત્વમાંથી બંધ તત્વમાં કેટલા ?
ઉ. પાંચ; જીવ,અજીવ, પુણ્ય, પાપ, અને આશ્રવ.
પ્ર- નવતત્વમાંથી દ્રવ્ય મોક્ષમાં કેટલા ?
ઉ. નવે લાભે.

પ્ર. નવતત્વમાંથી ભાવમોક્ષમાં કેટલા ?
ઉ. ત્રણ; જીવ, સંવર અને મોક્ષ.
પ્ર. ભાવ મોક્ષ કોને કહીયે ?
ઉ. સિદ્ધ પરમાત્મા પ્રભુને.
પ્ર- સિદ્ધ પ્રભુમાં સંવર કેમ કહેવાય ?
ઉ. સમકિત તે સંવર, સિદ્ધમાં ક્ષાયક સમકીત છે માટે.
પ્ર. નવતત્વમાં મુળ તત્વ કેટલાં ?
ઉ. બે. જીવ, અજીવ.
પ્ર. નવતત્વમાં જીવ કેટલા, અને અજીવ કેટલા ?
ઉ. જીવ ત્રણ તે સંવર, નિર્જરા અને મોક્ષ. અને અજીવ ચાર, તે પુન્ય, પાપ, આશ્રવ અને બંધ.
પ્ર. નીગોદના જીવમાં કેટલા તત્વ ?
ઉ. ૭, જીવ, અજીવ. પુન્ય, પાપ, આશ્રવ અને બંધ.
પ્ર. નરક ગતીના મીથ્યાતી જીવમાં કેટલા તત્વ ?
ઉ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.
પ્ર. નરકગતીના સમકીતી જીવમાં કેટલા તત્વ ?
ઉ. આઠ. તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને બંધ.
પ્ર. દેવગતીના મિથ્યાતીમાં કેટલા તત્વ ?
ઉ. ૭ પુર્વવત્ મિથ્યાતી.
પ્ર. દેવગતિના સમકીતીમાં કેટલા તત્વ ?
ઉ. આઠ; પુર્વવત સમકીતી.
પ્ર. નવતત્વમાંથી મનુષ્ય ગતીના મીથ્યાતીમાં કેટલા તત્વ લાભે ?

ઉ. ૭–તે જીવ–અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. નવતત્વના ભેદ મનુષ્ય ગતીમાં કેટલા ?

ઉ. આઠ; તે મોક્ષ વરજીને.

પ્ર. નવતત્વમાંથી તીર્યંચ ગતીના મીથ્યાતીમાં કેટલા ?

ઉ. ૭–જીવ–અજીવ–પુણ્ય–પાપ–આશ્રવ અને બંધ.

પ્ર. બે ઈંદ્રિ, તે ઈંદ્રિ, ચૌરેંદ્રિ, અસંગ્રી પંચેંદ્રોના અપર્જાપ્તામાં કેટલા તત્વ લાભે ?

ઉ. આઠ તે મોક્ષ વર્જીને.

પ્ર. બે ઈંદ્રિ, તે ઈંદ્રિ, ચૌરેંદ્રિ, અસંગ્રી પચેંદ્રિના પ્રજાપ્તામાં કેટલા તત્વ લાભે ?

ઉ ૭–જીવ, અજીવ, પુણ્ય, પાપ આશ્રવ અને બંધ.

પ્ર. પાંચ અનુતરના દેવમાં કેટલા તત્વ લાભે ?

ઉ. આઠ; તે મોક્ષ વરજીને.

પ્ર. પૃથ્વી કાયમાં કેટલા તત્વ લાભે ?

ઉ. ૭; તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. તેઉ, વાયુ, વનસ્પતી અને પાણીમાં કેટલા તત્વ ?

ઉ. ૭–પૂર્વવત.

પ્ર. દ્રવ્ય સમકીતમાં કેટલા તત્વ ?

ઉ. ૭. પુર્વવત

પ્ર. ભાવ સમકીતમાં કેટલા તત્વ ?

ઉ. તે આઠ તથા ૭

પ્ર. દ્રવ્ય શ્રાવકમાં કેટલા તત્વ ?

ઉ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ

૨૭૭૩.

પ્ર. ભાવ શ્રાવકમાં કેટલા તત્વ ?

ઉ. આઠ. તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને બંધ

પ્ર. ભાવ જ્ઞાનમાં કેટલા તત્વ ?

ઉ. આઠ; તે પૂર્વ વત

પ્ર. દ્રવ્ય આચાર્યમાં કેટલા તત્વ ?

ઉ. છ; તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, અને બંધ

પ્ર. ભાવ આચાર્યમાં કેટલા તત્વ ?

ઉ. આઠ; મોક્ષ વરજીને

પ્ર. દ્રવ્ય સિદ્ધમાં કેટલા તત્વ ?

ઉ. નવ

પ્ર. દ્રવ્ય સિદ્ધ કેને કહીયે ?

ઉ. કેવળી પરમાત્મા

પ્ર. ભાવ સિદ્ધમાં કેટલા તત્વ ?

ઉ. ત્રણ. તે જીવ, સંવર અને મોક્ષ

પ્ર. જીવ તત્વને શત્રુરૂપ તત્વ કેટલા ?

ઉ. ચાર; તે અજીવ, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. જીવ તત્વને ઘર રૂપ તત્વ કેટલા ?

ઉ. એક મોક્ષ

પ્ર. રૂપી અજીવને શત્રુરૂપ તત્વ કેટલા ?

ઉ. એક નિર્જરા તત્વ

પ્ર. રૂપી અજીવને મિત્ર રૂપ તત્વ કેટલા ?

ઉ. ચાર; તે પુણ્ય. પાપ, આશ્રવ અને બંધ

પ્ર. અજીવ તત્વને કેટલા તત્વ રોકે ?

ઉ. એક સંવર

પ્ર. અજીવ તત્વે કેટલા તત્વનું ઘર દીઠું નથી

ઉ. એક મોક્ષ તત્વનું

પ્ર. પુણ્ય તત્વને રોકવા રૂપ તત્વ કેટલા ?

ઉ. એક સંવર

પ્ર. પુન્ય કેટલા તત્વને રોકે ?

ઉ. એક મોક્ષ તત્વને

પ્ર. પુન્યે કેટલા તત્વનું ઘર દીઠું નથી ?

ઉ. એક મોક્ષ તત્વનું

પ્ર. પાપ તત્વને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. એક નિર્જરા

પ્ર. પાપ તત્વને મીત્ર રૂપ કેટલા તત્વ ?

ઉ. અજીવ. આશ્રવ અને બંધ

પ્ર. પાપ તત્વને પ્રતિપક્ષી રૂપ કેટલા તત્વ ?

ઉ. એક પુન્ય તત્વ

પ્ર. પાપ તત્વને રોકવા રૂપ કેટલા તત્વ ?

ઉ. એક સંવર

પ્ર. પાપ તત્વ કેટલા તત્વને રોકી શકે ?

ઉ. એક જીવ તત્વને, મોક્ષ જાતાં અટકાવે

પ્ર. પાપ તત્વે કેટલા તત્વનું ઘર દીઠું નથી ?

ઉ. એક મોક્ષ તત્વનું

પ્ર. આશ્રવ તત્વને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. એક નિર્જરા

પ્ર. આશ્રવ તત્વને મિત્ર રૂપ કેટલા?

ઉ. ચાર; તે અજીવ, પુન્ય, પાપ, બંધ

પ્ર. આશ્રવ તત્વને રોકવા રૂપ કેટલા તત્વ ?

ઉ. એવ સંવર

પ્ર. કેટલા તત્વને આશ્રવ રોકી શકે ?

ઉ. જીવ તત્વને

પ્ર. આશ્રવ તત્વે કેટલા તત્વનું ઘર દીઠું નથી ?

ઉ. એક મોક્ષનું

પ્ર. સંવર તત્વને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. એકે નહિં

પ્ર. સંવર તત્વને મીત્ર રૂપ કેટલા તત્વ ?

ઉ. એક જીવ

પ્ર. કેટલા તત્વને સંવર રોકી શકે ?

ઉ. પાંચ તે, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ

પ્ર. સંવર તત્વને કેટલા તત્વ સંઘાતે પ્રીતી છે ?

ઉ. એક નિર્જરા સાથે

પ્ર. સંવર તત્વને ઘર રૂપ કેટલા તત્વ ?

ઉ. એક મોક્ષ

પ્ર. નિર્જરા તત્વને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. એકે નહિ.

પ્ર. નિર્જરા તત્વને મીત્ર રૂપ કેટલા તત્વ ?

ઉ. એક સંવર

પ્ર. નિર્જરા તત્વ કેટલા તત્વને બાળે ?

ઉ. પાંચ તે અજીવ, પુન્ય, પાપ, આશ્રવ અને બંધ

પ્ર. નિર્જરા તત્વને સ્વામી કેટલા તત્વ ?

ઉ. એક જીવ તત્વ

પ્ર. નિર્જરા તત્વે કેટલા તત્વનું ઘર દીઠું નથી

ઉ. એક મોક્ષનું

પ્ર. બંધ તત્વને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. એક નિર્જરા

પ્ર. બંધ ને મીત્ર રૂપ કેટલા તત્વ ?

ઉ. ચાર તે અજીવ, પુન્ય, પાપ અને આશ્રવ

પ્ર. બંધતત્વ કેટલા તત્વને રોકી શકે ?

ઉ. એક જીવ તત્વને.

પ્ર. બંધ તત્વે કેટલા તત્વનું ઘર દીઠું નથી ?

ઉ. એક મોક્ષનું.

પ્ર. કેવળીને શત્રુ રૂપ કેટલા તત્વ ?

ઉ. પાંચ; તે અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ

પ્ર. કેવલીને મીત્ર રૂપ કેટલા તત્વ ?

ઉ. એક સંવર તત્વ.

પ્ર. કેવલી ભગવાનને નોકર રૂપ કેટલા તત્વ ?

ઉ. એક નિર્જરા.

પ્ર. લીપ્ત સ્વભાવમાં કેટલા તત્વ ?

ઉ. છ, તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. અલીપ્ત સ્વભાવમાં કેટલા તત્વ ?

ઉ. નવે તત્વ લાભે.

પ્ર. દ્રવ્ય સામાયિકમાં તત્વ કેટલા ?

ઉ. છ. જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. ભાવ સામાયકમાં તત્વ કેટલા ?

ઉ. આઠ; તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નીર્જરા, અને બંધ, તથા કોઇ સ્થળે મોક્ષ પણ કહેવું.

પ્ર. દ્રવ્ય દર્શનમાં કેટલા તત્વ !

ઉ, છ; તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. ભાવ દર્શનમાં તત્વ કેટલા ?

ઉ. આઠ તથા નવે.

પ્ર. દ્રવ્ય પ્રતિક્રમણમાં તત્વ કેટલા ?

ઉ. છ, તે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને બંધ.

પ્ર. ભાવ પ્રતિક્રમણમાં તત્વ કેટલા ?

ઉ. આઠ; તે મોક્ષ વરજીને.

પ્ર. નવ તત્વમાં ધર્મ કેટલા અને અધર્મ કેટલા ?

ઉ. જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ અને બંધ, એ છ અધર્મ તથા જીવ, સંવર, નીર્જરા અને મોક્ષ એ ચાર ધર્મ ત્યા કેટલાક પુન્યને પણ ધર્મમાં માને છે.

પ્ર. નવ તત્વમાંથી આજ્ઞામાં કેટલા અને આજ્ઞા બહાર કેટલા !

ઉ. પુન્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર આજ્ઞામાં અને પાપ, અજીવ, આશ્રવ અને બંધ એ ચાર આજ્ઞા બહાર, અને જીવ તત્વ બનેમાં ભળે છે.

પ્ર. નવ તત્વમાં શુભ કેટલા, અને અશુભ કેટલા ?

ઉ. પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ, એ ચાર શુભ; એક પાપ તત્વ અશુભ, અને બાકીના મીશ્ર જાણવા.

પ્ર. જીવ તત્વની સ્થિતિ કેટલી ?

ઉ. અનાદી અનંત.

પ્ર. અજીવ તત્વની સ્થીતી કેટલી ?

ઉ, અનાદી અનંત.

પ્ર. પુન્ય તત્વની સ્થીતિ કેટલી ?

ઉ. અભવ્ય આશ્રી અનાદી અનંત, અને ભવ્ય આશ્રી અનાદી સાંત.

પ્ર. આશ્રવની સ્થીતી કેટલી ?

ઉ. પુર્વની મુજબ.

પ્ર. પાપ તત્વની સ્થિતી કેટલી ?

ઉ. અભવ્ય આશ્રી અનાદી અનંત, અને ભવ્ય આશ્રી અનાદી સાંત.

પ્ર. સંવર તત્વની સ્થિતિ કેટલી ?

ઉ. ક્ષાયક ભાવ આશ્રા સાદી અનંત અને ક્ષયોપસમ આશ્રી સાદિ સાંત.

પ્ર. નિર્જરા તત્વની સ્થિતિ કેટલી ?

ઉ. સાદિ સાંત.

પ્ર. બંધતત્વની સ્થીતી કેટલી ?

ઉ. અભવ્ય આશ્રી અનાદિ અનંત, અને ભવ્ય આશ્રી અનાદિ સાંત.

પ્ર. મોક્ષ તત્વની સ્થીતિ કેટલી ?

ઉ. સર્વ સિદ્ધ લેતા અનાદી અનંત, અને એકજીવ આશ્રી સાદિ અનંત.

પ્ર. નવ તત્વમાંથી નીત કેટલા અને અનીત કેટલા ?

ઉ. જીવ, અજીવ, એ બે નીત છે અને બાકીના સાત અનીત છે.

પ્ર. નવ તત્વમાં ધર્મ કેટલા અધર્મ કેટલા ?

ઉ. જીવ, સંવર, નીર્જરા અને મોક્ષ એ ચાર ધર્મ; અજીવ, પાપ, આશ્રવ અને બંધ એ ચાર અધર્મ.

પ્ર. પુણ્ય તત્વ ધર્મ કે અધર્મ ?

ઉ. બનેમાંથી એકે નહિ. નીશ્ચય નયથી ધર્મની સહાયતા કરનાર માટે ધર્મમાં ભળે, વ્યવહારે તાજ્ય છે

પ્ર. નવ તત્વમાંથી આજ્ઞામાં કેટલા ?

ઉ. સંવર, નીર્જરા અને મોક્ષ એ ચાર આજ્ઞામાં.

પ્ર, નવ તત્વમાંથી આજ્ઞા બહાર કેટલા ?

ઉ. અજીવ, પાપ, આશ્રવ અને બંધ એ ચાર આજ્ઞા બહાર.

પ્ર. જીવ તત્વ આજ્ઞામાં કે આજ્ઞા બહાર ?

ઉ. મિશ્ર.

પ્ર. નવ તત્વમાં શુભ કેટલા અને અશુભ કેટલા ?

ઉ. પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ એ ચાર શુભ અને એક પાપ અશુભ છે.

પ્ર. બાકીના ચાર શેમાં ભળ્યા ?

ઉ. શુભાશુભમાં જીવ, અજીવ, આશ્રવ અને બંધ.

પ્ર. લોકમાં કેટલી પ્રકારના જીવ ?

ઉ. બે; સિદ્ધ અને સંસારી.

પ્ર. સંસારી જીવના કેટલા ભેદ ?

ઉ. બે; ભવ્ય અને અભવ્ય.

પ્ર. ભવ્ય તે કોને કહેવા, અને અભવ્ય જીવ તે કોને કહેવા ?

ઉ. ભવ્યના બે પ્રકાર, સમકીતી અને મીથ્યાતી તથા પડવાઇ અને અપડવાઈ અને અભવ્ય જીવ મોક્ષ જાય નહિ.

પ્ર. ઈંદ્રી સહીત કોને કહીએ, અને રહીત કોને કહીએ ?

ઉ. ઈંદ્રી રહીત સિદ્ધ તથા કેવલી, અને બાકીના ઇંદ્રી સહીત.

પ્ર. વેદ કેટલા ?

ઉ. ત્રણ; સ્ત્રી વેદ, પુરૂષવેદ, નપુસકવેદ.

પ્ર. સકાયા કોને કહીએ, અને અકાયા કોને કહીએ ?

ઉ. સકાયા સંસારી જીવ, અકાયા સિદ્ધના જીવ.

પ્ર. સકાયા જીવના કેટલા ભેદ ?

ઉ. ચૌદ.

પ્ર. કયા કયા ?

ઉ. સુક્ષ્મ એકેંદ્રીના અપર્યાપ્તા, અને પર્યાપ્તા. બાદર એકેંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા. બે ઇંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા, તે ઇંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા; ચૌરંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા, અસંજ્ઞી પંચેંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને સંજ્ઞી પંચેંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. ચૌદ ભેદમાં સુક્ષ્મ કેટલા અને બાદર કેટલા ?

ઉ. બે સુક્ષ્મ અને બાર બાદર.

પ્ર. ચૌદ ભેદમાંથી સંજ્ઞી કેટલા અને અસંજ્ઞી કેટલા ?

ઉ. બે સંજ્ઞી તે અસંજ્ઞી પંચેંદ્રીનો અપર્યાપ્તો અને પ્રર્યાપ્તો અને બાકીના બાર અસંજ્ઞી.

પ્ર. ચૌદ ભેદમાંથી ત્રસ કેટલા અને સ્થાવર કેટલા ?

ઉ. ચાર સ્થાવર. તે સુક્ષ્મ એકેંદ્રી અને બાદર એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા બાકીના દસ ત્રસ જાણવા.

પ્ર. ચૌદ ભેદમાં અપ્રજાપ્તા, કેટલા અને પ્રજાપ્તા કેટલા ?

ઉ. સાત અપ્રજાપ્તા. તે પહેલો. ત્રીજો, પાંચમો, સાતમો, નવમો, અગીઆરમો, તેરમો, એ સાત અને બીજો. ચોથો, છઠો, આઠમો, દસમો, બારમો, ચૌદમો, એ સાત પર્યાપ્તા.

પ્ર. ચૌદ ભેદમાંથી નજરે આવે તેવા કેટલા અને નજરે ન આવે તેવા કેટલા ?

ઉ. આઠ નજરે ન આવે તે સુક્ષ્મ એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા. બાદર એકેંદ્રીના અપ્રજાપ્તા. બે ઇંદ્રીના અપ્રજાપ્તા, તે ઇંદ્રીના અપ્રજાપ્તા, ચૌરંદ્રીના અપ્રજાપ્તા, અસંજ્ઞી પંચેંદ્રીના અપ્રજાપ્તા અને સંજ્ઞી પંચેંદ્રીના અપ્રજાપ્તા, એ આઠ નજરે ન આવે અને બાકીના છ નજરે આવે.

પ્ર. ચૌદ ભેદમાંથી, ત્રસ નાડીમાં કેટલા અને સ્થાવર નાડીમાં કેટલા?

ઉ. ત્રસ નાડીમાં ચૌદે લાભે, સ્થાવર નાડીમાં દસ લાભે, તે સુક્ષ્મ એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા, બાદર એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા એ ચાર અને બે ઈંદ્રી, તે ઈંદ્રી, ચૌરંદ્રી, અસંજ્ઞી પંચેંદ્રી તેના અપ્રજાપ્તા અને સંજ્ઞી પંચેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા, એવં દસ તે કેવળ સમુદઘાત આશ્રી.

પ્ર. ચૌદ ભેદમાંથી આહારક કેટલા અને અન અહારક કેટલા ?

ઉ. સાત અપ્રજાપ્તા અને વાટે વેતા જીવ અને એક સંજ્ઞી પચેંદ્રીના પ્રજાપ્તા તે કેવળ સમુદઘાત આશ્રી એ આઠ અન આહારક અને ચૌદે ભેદ આહારક છે.

પ્ર. ચૌદ ભેદમાંથી મન સહીત કેટલા અને મન રહીત કેટલા ?

ઉ. મન સહીતમાં સંજ્ઞી પચેંદ્રીના પ્રજાપ્તા અને મન રહીતમાં ચૌદે ભેદ લાભે.

પ્ર. ચૌદ ભેદમાંથી ગર્ભજ કેટલા અને અન ગર્ભજ કેટલા ?

ઉ. સંજ્ઞી પચેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા એ બે ગર્ભજ અને અન ગર્ભજ ચૌદે તે દેવતાનારકી આશ્રી.

પ્ર. જીવના ચૌદ ભેદમાંથી સાસ્વતા કેટલા અને અસાસ્વતા કેટલા?
ઉ. સાસ્વતા તેર અને અસાસ્વતો એક; તે સંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો.
પ્ર. જીવના ચૌદ ભેદમાં પ્રત્યેક કેટલા અને સાધારણ કેટલા?
ઉ. સાધારણ ચાર પેલા અને પ્રત્યેક ચૌદે લાભે.
પ્ર. ચૌદ ભેદમાંથી મનુષ્ય ગતીમાં કેટલા?
ઉ. ત્રણ અસંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો અને સંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો પ્રજાપ્તો એ ત્રણ.
પ્ર. ચૌદ ભેદમાંથી ત્રીર્યંચની ગતીમાં કેટલા?
ઉ. ચૌદ.
પ્ર. ત્રીર્યંચ પચેંદ્રીની જાતીમાં જીવના ભેદ કેટલા?
ઉ. ચાર. તે સંજ્ઞીનો પ્રજાપ્તો અને અપ્રજાપ્તો અને અસંજ્ઞીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો એ ચાર.
પ્ર. પેલી નરક ગતીમાં જીવના ભેદ કેટલા?
ઉ. ત્રણ; સંજ્ઞી પચેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા અને અસંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો.
પ્ર. બીજી નરકની ગતીથી સાતમી નરકની ગતી સુધી જીવના ચૌદ ભેદમાંથી કેટલા?
ઉ. બે; સંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો.
પ્ર. ભવનપતીની ગતીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા?
ઉ. ત્રણ; તે સંજ્ઞી પચેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા અને અસંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો.
પ્ર. જ્યોતીષીની ગતીમાં જીવના ભેદ ચૌદમાંથી કેટલા?
ઉ. બે, સંજ્ઞી પંચેંદ્રીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો.
પ્ર. વૈમાનીકના દેવતાની ગતીમાં ચૌદ ભેદમાંથી કેટલા લાભે?

ઉ. બેઃ સંજ્ઞી પંચેંદ્રીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો

પ્ર. મનુષ્યમાં જીવના ભેદ ચૌદમાંથી કેટલા ?

ઉ. સુક્ષ્મ અને બાદર એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા. બે ઇંદ્રીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો અને સંજ્ઞી પંચેંદ્રીનો પ્રજાપ્તો એ સાત.

પ્ર. પચેંદ્રી તીર્યંચમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. પૂર્વની પેઠે સાત.

પ્ર. નરક પેલીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચૌદે.

પ્ર. બીજી નરકમાં ચૌદ ભેદ માંહીલા જીવના ભેદ કેટલા ?

ઉ. છ. સુક્ષ્મ તથા બાદર. એકેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા તથા સંજ્ઞી પચેંદ્રીનો અપ્રજાપ્તો, અને પ્રજાપ્તો.

પ્ર. ત્રીજી નરકથી માંડી સાતમી નરક સુધી જીવના ભેદ કેટલા ?

ઉ. છ. તે બીજી નરકની પેઠે.

પ્ર. ભવનપતીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચૌદે તથા છ. તે સુક્ષ્મ એકેંદ્રીના અપર્યાપ્તા ને પર્યાપ્તા તથા બાદર એકેંદ્રિના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને ૩ પોતાના.

પ્ર. વાણુ વ્યંતરમાં ચૌદ ભેદમાંથી કેટલા ભેદ લાભે ?

ઉ. છ. ચાર એકેંદ્રીના. ને બે પોતાના.

પ્ર. જ્યોતષીમાં ચૌદ ભેદમાંથી કેટલા ભેદ લાભે ?

ઉ. છ. ઉપરની પેઠે.

પ્ર. દેવ લોકમાં જીવના ભેદ ચૌદમાંથી કેટલા લાભે ?

ઉ. છ. પૂર્વ વત.

પ્ર. ભાસકા તથા અભાસકામાં ચૌદ ભેદમાંથી કેટલા લાભે ?

ઉ. ભાસકામાં પાંચ તે બેઈંદ્રી, તેઈંદ્રી, ચૌરંદ્રી, અસંજ્ઞી પચેંદ્રી અને સંજ્ઞી પચેંદ્રી. એ પાંચેના પ્રજાપ્તા અને અભાસકામાં દસ તે. સુક્ષ્મ. બાદરના ચાર ભેદ તથા બેઈંદ્રી, તેઈંદ્રી. ચૌરંદ્રી. અસંજ્ઞી, પચેંદ્રી એ ચારના અપ્રજાપ્તા એવં આઠ અને સંજ્ઞી પચેંદ્રીના અપ્રજાપ્તા અને પ્રજાપ્તા. કેવળ સમુદઘાત આશ્રી એવં દસ.

પ્ર. શાશ્વાદાન સમક્તિમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા લાભે ?

ઉ. છ. બેઈંદ્રીના અપર્યાપ્તા. તેઈંદ્રીના અપર્યાપ્તા. ચૌરંદ્રીના અપર્યાપ્તા. અસંની પચેંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા. એવં છ.

પ્ર. ઉપસમ સમકીતમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા લાભે ?

ઉ. બે. તે સંની મનુષ્ય પચેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. ક્ષયોપસમ સમકીતમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ભેદ લાભે ?

ઉ. બે પૂર્વવત.

પ્ર. ક્ષાયિક સમકીતમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ભેદ લાભે ?

ઉ. બે. તે સંની મનુષ્ય પચેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. સંની મીથાત્વ જીવમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ભેદ લાભે ?

ઉ. એક તે સંની પચેંદ્રી મનુષ્ય તીર્યંચનો પર્યાપ્તો.

પ્ર. સમુચે જ્ઞાનમાં જીવના ભેદ ચૌદ માંહેલા કેટલા ?

ઉ. છ. બેઈંદ્રીનો અપર્યાપ્તો તેઈંદ્રીનો અપર્યાપ્તો. ચૌરંદ્રીનો અપર્યાપ્તો અસંની પચેંદ્રીનો અપર્યાપ્તો અને સંની પચેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. મતિ જ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. છ. પૂર્વવત.

પ્ર. સૂત્ર જ્ઞાનમાં જીવના ચૌદમાંહેથી કેટલા ?

ઉ. ૭. બે ઈન્દ્રીના અપર્યાપ્તા, ત્રેઈન્દ્રીના અપર્યાપ્તા, ચૌરંદ્રીના અપર્યાપ્તા, અસંની પચેંદ્રીના અપર્યાપ્તા.
અને સંની પચંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા. એવં ૭.

પ્ર. અવધી જ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. બે. સંની પચંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. મન પ્રયોગ જ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. એક તે સંની મનુષ્ય પચેંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. કેવળ જ્ઞાનીમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. એક સંની મનુષ્ય પચેંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. મતિ અજ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. ચૌદે. પૂર્વ વત.

પ્ર. શ્રુત અજ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. ચૌદે લાભે.

પ્ર. વીભંગ અજ્ઞાનમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. બે. સંની પચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. ચક્ષુ દર્શનના જીવના ચૌદે ભેદમાંહેથી કેટલા ?

ઉ. બે ઇંન્દ્રીનો અપર્યાપ્તો ત્રેઈન્દ્રીનો અપર્યાપ્તો, ચૌરેન્દ્રીનો અપર્યાપ્તો, અસંની પચંદ્રીનો અપર્યાપ્તો અને સંની પચંદ્રીનો અપર્યાપ્તો, અને પર્યાપ્તો.

પ્ર. અચક્ષુ દર્શનમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચૌદ. તે પૂર્વ વત

પ્ર. અવધી દર્શનમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. બે; તે સંની પંચેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. કેવળ દર્શનમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. એક સંની મનુષ્યનો પર્યાપ્તો.
પ્ર. સામાયિક ચારિત્રમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.
પ્ર. છેદો પસ્થાપની ચારિત્રમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.
પ્ર. પ્રતિહાર વીશુદ્ધ ચારીત્રમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.
પ્ર. શુક્ષ્મ સંપ્રાય ચારિત્રમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.
પ્ર. યથાખ્યાત ચારીત્રમાં જીવના ચૌદભેદમાંથી કેટલા?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો
પ્ર. શ્રાવકમાં જીવતા જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પ્રર્યાપ્તો.
પ્ર. શ્રાવિકામાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. એક સંજ્ઞી પચેન્દ્રિનો પર્યાપ્તો.
પ્ર. સાધુજીમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?
ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો
પ્ર. સાધ્વીજીમાં જીવનાં ચૌદ ભેદમાંહેથી કેટલા ?
ઉ.. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.
પ્ર. પરિત સંસારીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. ચૌદે પૂર્વ વત.
પ્ર. અપર્યાપ્તામાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?
ઉ. સાત સુક્ષ્મ એકંદ્રીનો અપર્યાપ્તો. બાદર એકંદ્રીનો અપર્યાપ્તો

બેઇન્દ્રીનો અપર્યાપ્તો તેઈન્દ્રીયનો અપર્યાપ્તો ચૌરેંદ્રીનો અપર્યાપ્તો અસંની પચંદ્રીનો અપર્યાપ્તો અને સંની પચંદ્રીનો અપર્યાપ્તો

પ્ર. પર્યાપ્તામાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. સાત સુક્ષ્મ એકેંદ્રીનો પર્યાપ્તો, બાદર એકંદ્રીનો પર્યાપ્તો, બેઈન્દ્રીનો પર્યાપ્તો તેઈન્દ્રીનો પર્યાપ્તો ચૌરેન્દ્રિનો પર્યાપ્તો, અસંની પચંદ્રીનો પર્યાપ્તો અને સંની પચંદ્રીનો પર્યાપ્તો એવં સાત.

પ્ર. બાદરમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. બાર; તે બાદર એકંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, બેઇન્દ્રિનો અપર્યાપ્તો એને પર્યાપ્તો, તેઇન્દ્રિનો અપર્યાપ્તો અને પર્યાપ્તો ચૌરંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો, અસંની પચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને સંની પચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. સુક્ષ્મમાં જીવના ચૌદમાંહેથી કેટલા ?

ઉ. બે. સુક્ષ્મ એકંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. સંનીમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. બે, સંની પચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. અસંનીમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. બાર; તે સંની પચંદ્રીના બે ટાળીને.

પ્ર. ભવ્ય જીવમાં જીવના ચૌદ ભેદમાંથી જીવના ભેદ કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત.

પ્ર. અભવ્ય જીવમાં જીવના ચૌદ ભેદમાંહીથી કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત.

પ્ર. વીતરાગીમાં જીવના ચૌદભેદ માંહેથી કેટલા ?

ઉ. એક સંનીપચંદ્રીનો પર્યાપ્તો

પ્ર. જુગલીયામાં જીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. બે; સંનીપચંદ્રીનો પર્યાપ્તો અને અપર્યાપ્તો.

પ્ર. ઉદારીક શરીરમાં જીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત્.

પ્ર. વૈક્રેય શરીરમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. ચ.ર; સંનીપચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો; અસંનીપચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો તે દેવતા નારકી આશ્રી.

પ્ર. આહારક શરીરમાં જીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. એક સંજ્ઞી પચંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. માણુસની હાથની મુઠીમાં જીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. પાંચ; તે સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને બાદર એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો તે વાયરા આશ્રી અને માણસની મુઠી છે જેથી સંનીપચંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. બળતા ફાનસમાં જીવના ચૌદ ભેદમાંહેથી કેટલા ?

ઉ. ચાર; તે સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો, અને પર્યાપ્તો અને બાદર અકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો તે અગ્ની આશ્રી.

પ્ર. પાઘડીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચાર; તે સુક્ષ્મ એકેંદ્રીનો અપ્રજાપ્તો અને પ્રજાપ્તો અને બાદર અકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો તે વાયરા આશ્રી.

પ્ર. સાડીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચાર પૂર્વવત્.

પ્ર. પાણીવાળા કુવામાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત્.

પ્ર. પાણી બીનાના કુવામાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ, ચાર; સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને બાદર એ-કેન્દ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. ઘડીયાળમાં અજીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. ચાર; સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને બાદર એ-કેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. ઘડીની રેતીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચાર; સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને બાદર એ-કેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. ભર્ત ક્ષેત્રમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત્.

પ્ર. જંબુદ્રીપમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ, ચૌદે પૂર્વવત્.

પ્ર. જીવના ચૌદ ભેદમાંથી મીથ્યાત્વ ગુણઠાણામાં કેટલા ?

ઉ. ચૌદે પૂર્વવત્

પ્ર. જીવના ચૌદ ભેદમાંથી બીજે ગુણઠાણે કેટલા ?

ઉ; છ; તે બે ઈંદ્રીયનો અપર્યાપ્તો, ત્રેઇન્દ્રીનો અપર્યાપ્તો, ચૌરંદ્રીના અપર્યાપ્તા અસંની પચંન્દ્રીના અપર્યાપ્તા અને સંની પચંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં છ.

પ્ર. જીવના ચૌદ ભેદમાંથી ત્રીજે ગુણઠાણે કેટલા ?

ઉ એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. જીવના ચૌદ ભેદમાંથી ચોથે ગુણઠાણે કેટલા ?

ઉ. બે; સંની પચંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. પાંચમા ગુણઠાણાથી તે ચૌદમા ગુણઠાણા સુધીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. એક સંની પચંદ્રીનો પર્યાપ્તો.

પ્ર. બાર દેવ લોકમાં જીવના ચૌદભેદ માંહેથી કેટલા ?

ઉ. ૭. તે સુક્ષ્મ એકઇંદ્રીના અપર્યાપ્તો અને પર્યાપ્તો બાદર એકેં-દ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને સંની પચેંદ્રીનો અપ્રજાપતો અને પર્યાપ્તો એવં છ.

પ્ર. ભોવનપતિમાં જીવના ચૌદ ભેદ માંહેથી કેટલા ?

ઉ. આઠ; ચાર એકંદ્રીના અને સંની પચેંદ્રીનો પર્યાપ્તો અને અપ-ર્યાપ્તો. અસંની પચંદ્રીનો પર્યાપ્તો અને અપર્યાપ્તો.

પ્ર. સીધગતીમાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. સીધ શલ્યામાં જીવના ચૌદ ભેદમાંથી કેટલા ?

ઉ. ચાર, તે સુક્ષ્મ એકેંદ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો અને બાદર એકેંન્દ્રીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. નવ તત્વના બસેં છોતેર ભેદ કયા ?

ઉ. જીવના ચૌદ, અજીવના ચૌદ, પૂન્યના બેતાલીશ, પાપના બીયાશી આશ્રવના સતાવન, સંવરના બેતાલીશ, નીર્જરાના ૧૨, બંધના ચાર, મોક્ષના નવ, એવં બસેં છોતેર.

પ્ર. નવ તત્વમાં એકસોને વીસ ભેદ કહેલ છે તે કયા ?

ઉ. જીવના ચૌદ, અજીવના ચૌદ. પુણ્યના નવ, પાપના અઢાર, આશ્રવના વીસ, સમવરના વીસ, નીર્જરાના બાર, બંધના ચાર. મોક્ષના નવ, એવં એકસો વીસ.

પ્ર. એકસો વીશ ભેદમાં રૂપી કેટલા ?

ઉ. જીવના ચૌદ, અજીવના ચાર, પુણ્યના નવ, પાપના અઢાર, બં-
ધના ચાર, આશ્રવના વીસ, એવં અગણોતેર રૂપીના.

પ્ર. એકસો વીસ ભેદમાં અરૂપી કેટલા ?

ઉ. અજીવના દશ, સમવર વીસ, નીરજરાના બાર, મોક્ષના નવ, એ
વં એકાવન અરૂપીના.

પ્ર. એકસો વીસ ભેદમાંથી જાણુવા જોગ કેટલા ?

ઉ. એકસો વીસે જાણુવા જોગ અને કેટલાક આડત્રીસ પણ કહે છે.

પ્ર. એકસો વીસ ભેદમાં છાંડવા લાયક કેટલા ?

ઉ. પાપના અઢાર, આશ્રવના વીશ, બંધના ચાર એ બેંતાલીશ છાંડવા જોગ.

પ્ર. એકસો વીસ ભેદમાંથી આદરવા જોગ કેટલા ?

ઉ. પૂન્યના નવ, સમવરના વીશ, નીરજરાના બાર, મોક્ષના નવ,
એવં પચાસ ભેદ આદરવા લાયક.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદ કયા ?

ઉ. ચઉદ ભેદ નારકીના એકસો અઠાણું ભેદ દેવતાના અડતાલીશ ભેદ
તીર્યંચના ત્રણુસેંને ત્રણુ ભેદ મનુષ્યના. એવં સર્વ મલી પાં-
ચસો ત્રેસઠ.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી પહેલી નર્કમાં કેટલા ?

ઉ. બાવીશ, તેવીસ, એકેન્દ્રીના અને બે પહેલી નર્કના અપર્યાપ્તા
અને પર્યાપ્તા.

પ્ર. સાતે નર્કે જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી જીવના ભેદ કેટલા ?

ઉ. સાતે નર્કના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી ભુવન પતિમાં કેટલા ?

ઉ. વીસ; તેછા ભવન પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
પ્ર. પાંચસો ત્રેસઠ ભેદમાંથી પરમાધામીમાં કેટલા ?
ઉ. ત્રીસને પંદર પરમાધાનીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
પ્ર. પાંસસેત્રેસઠ ભેદમાંથી વાણુ વ્યતરમાંથી કેટલા ?
ઉ. છત્રીસ તે સોળજાતિના વાણુ વ્યંતરાના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
પ્ર. પાંચસે ત્રેસઠ ભેદમાંથી ઝુંભકામાં કેટલા ?
ઉ. વીસ તે દશ જાતીના ઝુંભકાના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
પ્ર. પાંચસો ત્રેસઠ ભેદમાંથી જ્યોત્સીમાં કેટલા ?
ઉ. વીસ તે દસ જાતીના જ્યોત્સીના અપર્યાપ્તા અને પર્યાપ્તા
પ્ર. વેમાનીક દેવતામાં પાંચસે ત્રેસઠ ભેદમાંથી કેટલા ?
ઉ. છોંતેર તે બાર દેવલોક ત્રણ કીલમસી નવ ગ્રીવેક પાંચ અનુતર વિમાન નવ લોકાંતીક એ આઠત્રીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા.
પ્ર. પાંચસો ત્રેસઠ ભેદમાંથી તીર્યંચમાં કેટલા ?
ઉ. અડતાલીસે
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સુક્ષ્મમાં કેટલા ?
ઉ. દશ. તે શુક્ષ્મ પૃથ્વી શુક્ષ્મ પાણી શુક્ષ્મ અગ્નિ સુક્ષ્મ વાયરો શુક્ષ્મ વનસપતિ. એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં દશ.
પ્ર. બાદર એકેન્દ્રીમાં જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી કેટલા ?
ઉ. બાર તે બાદર પૃથ્વી બાદર પાણી બાદર અગ્નિ બાદર વાયરો બાદર પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ એ છના અપર્યાપ્તા અને પર્યાપ્તા. એવં બાર
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી જલચરમાં કેટલા ?
ઉ. ચાર તે ગર્ભજ ત્રીર્યંચ તથા સમુર્છીમ ત્રીર્યંચ જલચરના અપર્યાપ્તા

અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી થલચરમાં કેટલા ?

ઉ. ચાર તે ગર્ભજ ત્રીઇંચિ તથા સમુર્છીમ ત્રીઇંચ થલચરના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. ઉપર ત્રીઇચ ગર્ભજ સમુર્છીમમાં પાંચસે ત્રેસઠ ભેદમાંથી જીવના ભેદ કેટલા ?

ઉ. ચાર તે ઉરપર ગર્ભજ અને ઉરપર સમુર્છીમ એ બેઉના અપ-ર્યાપ્તા અને પર્યાપ્તા એવં ચાર

પ્ર. ભુજપૂરમાં પાંચસે ત્રેસઠ ભેદમાંથી જીવના ભેદ કેટલા ?

ઉ. ચાર પૂર્વ વત્

પ્ર. ખેચરમાં પાંછસેં ત્રેસઠ ભેદમાંથી જીવના ભેદ કેટલા ?

ઉ. ચાર પૂર્વવત્

પ્ર. એકલા પુરૂષવેદ તીર્યંચમાં પાંચસેં ત્રેસઠ ભેદમાંથી જીવના ભેદ કેટલા?

ઉ. એકે નહિ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી પુરૂષ વેદ ત્રીઇચમાં કેટલા ?

ઉ. દશ તે જલચર થલચર ઉરપર ભુજપર અને ખેચર એ પાંચ ગર્ભજના અપર્યાપ્તા એને પર્યાપ્તા

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી એકલી ત્રીઇંચિણીમાં કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી ત્રીઇંચણીમાં કેટલા ?

ઉ. દશ તે જલચર થલચર ઉરપર ભુજપર અને ખેચર એ પાંચ ગર્ભજ ત્રીઇંચણીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી વીગલેન્દ્રીમાં કેટલા ?

ઉ. ૭ તે બેઇન્દ્રી ત્રેઇન્દ્રી ચૌરંદ્રી એ ત્રણના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી નપુષક વેદમાં કેટલા ?

ઉ. અડતાલીસે.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી નપુસક વેદ એકલા ત્રીઇંચમાં કેટલા ?

ઉ. અઠાત્રીશ તે બાવીસ એકેન્દ્રીના અને ૭ વીગલેંન્દ્રીના.

પ્ર. જીવના પાંચસેં તેસઠ ભેદમાંથી એકેન્દ્રીમાં કેટલા ?

ઉ. બાવીસ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી બે ઇંન્દ્રીના કેટલા ?

ઉ. બે ઇંન્દ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી તેઇન્દ્રીમાં કેટલા ?

ઉ. બે તેઇન્દ્રીના પઅર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ચઉરંદ્રીમાં કેટલા ?

ઉ. બે તે ચૌરંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી પંચેન્દ્રીમાં કેટલા ?

ઉ. પાંચસેં પાંત્રીસ તે ચઉદ નારકીના. ત્રીસ ત્રીઇંચના. એકસો અઠાણું દેવતાના ત્રણસે ત્રણ ભેદ મનુષ્યના.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી અસંનીસમુર્છીમના કેટલા ?

ઉ. એકસોસત્તર. એકસોએક સંમુર્છીમ મનુષ્યના જળચર થળચર ઉરપર ભુજપર ખેચર એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા બેઇંન્દ્રી ત્રેઇંન્દ્રી ચૌરંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં એકસોસતર

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી મનુષ્યના કેટલા ?

ઉ. ત્રણુસે ત્રણુ. તે પાંચભરત પાંચ ઇરવર્ત પાંચ મહાવીદેહ પાંચહેમવય પાંચ એરણુવય પાંચહરિવાસ પાંચરમાવાશ પાંચદેવકુરૂ પાંચઉતર-કુરૂ અને છપન અંતર દ્વીપના અપર્યાપ્તા અને પર્યાપ્તા એકસો-એક સમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા એવં ત્રણુસેત્રણુ.

પ્ર. જીવના પાંચસેતેસઠ ભેદમાંથી સમુર્છીમ મનુષ્યના કેટલા ?

ઉ એકસોએક સમુર્છીમના અપર્યાપ્તા

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કેટલા ?

ઉ. એકાવન તે અડતાલીસ ત્રીઇંચના અને એકભરતના અપર્યાપ્તાઅને પર્યાપ્તા તેમ એક ભરતના સમુર્છીમનો અપર્યાપ્તો એવં એકાવન.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી જંબુદ્વીપના ઇલાવતમાં કેટલા ?

ઉ. એકાવન તે ભરતવૃત

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી જંબુદ્વીપમાં કેટલા ?

ઉ. પંચોતેર તે એક ભરત એક એલાવ્રત એક મહાવીદેહ એકહેમવય એક એરણુવય એકહરીવાસ એક રમકવાસ એક દેવકુરૂ એક ઉત-રકુરૂ એ નવના અપર્યાપ્તા. અને નવસમુર્છીમના અપર્યાપ્તા. અને અડતાલીસ ત્રીઇંચના.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી ધાતકી ખંડમાં કેટલા ?

ઉ. એકસોએ. તે અડતાલીસ ત્રીઈંચના અને ચોપન મનુષ્યના તે બે ભરત બે એલાવ્રત બે મહાવીદેહ બે હેમવય બે અરણ્યવય, બે હરીવાસ, બે રમકવાસ બે દેવકુરૂ બે ઉતરકુરૂ એ અઢારના અપ-ર્યાપ્તા અને પર્યાપ્તા અને અઢાર સમુર્છીમના. એવં એકસો બે

પ્ર. પુષ્કળાર્થ દ્વીપમાં પાંચસેંત્રેસઠ ભેદમાંથી કેટલાં ?

ઉ. એકસો બે તે ધાતકી ખંડ પ્રમાણે
પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી લવણ સમુદ્રમાં કેટલા ?
ઉ. બસેસોળ. તે છપન અંતરદ્વીપના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને છપન સમુર્છીમના અપર્યાપ્તા અને અડતાલીસ ત્રીંઇચના સર્વમળી બસેંસોળ.
પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી કાળોદધી સમુદ્રમાં કેટલા ?
ઉ. છેતાલીસ; અડતાલીસમાંથી બાદર બે અગ્નીના વરજ્યા.
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સ્વંયભુમાં કેટલા ?
ઉ. છેતાલીસ તે કાળોદધી મુજબ.
પ્ર. પાંચસેં ત્રેસઠ ભેદમાંથી એકસો સમુદ્રમાં કેટલા ?
ઉ. છેંતાલીસ. પૂર્વવત્
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી અઢી દ્વીપમાં કેટલા ?
ઉ. ત્રણસેં એકાવન તે અડતાલીસ ત્રીંઇચમાં અને ત્રણસેં ત્રાણું ભેદ મનુષ્યના.
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાં અઢી દ્વીપ બારણે કેટલા ?
ઉ. છેંતાલીશ તે શુક્ષ્મ પાણી શુક્ષ્મ અગ્ની શુક્ષ્મ વાયરો શુક્ષ્મ વનસ્પતિ વગેરે કાળોદધી સમુદ્રની પેઠે સમજવું.
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સીધસલ્પામાં કેટલા ?
ઉ. ચઉદ તે શુક્ષ્મ પૃથ્વી શુક્ષ્મ પાણી શુક્ષ્મ અગ્ની શુક્ષ્મ વાયરો શુક્ષ્મ વનસ્પતિ, એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને બાદર વાયરાના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાદર પૃથ્વીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં ચઉદ.
પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સ્વાર્થસીધ વીમાનમાં કેટલા ?

ઉ. સોળ તે શુક્ષ્મ પૃથ્વી શુક્ષ્મ પાણી શુક્ષ્મ અગ્ની શુક્ષ્મ વાયરો શુક્ષ્મ વનસ્પતી એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને બાદર વાયરાના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાદર પૃથ્વીના અપર્યાપ્તા અને પર્યાપ્તા. દેવતાના બે તે અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. ચાર અનુતર વિમાનમાં જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી કેટલા ?

ઉ. ચારે અનુતર વિમાનમાં સોળ સોળ કહેવા પૂર્વવત્.

પ્ર. *અધોલોકમાં જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી કેટલા ?

ઉ. એકસો પંદર તે સાત નર્કના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને અડતાલીશ ત્રીઇંચના પશ્ચીમ મહાવિદેહની એક હજાર જોજનની શલીલાવતી વીજય છે તેથી તથા ત્યાંના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ સમુર્છીમ મનુષ્યનો અપર્યાપ્તો દેવતાના પચાસ તે પંદર પરમાધાની દસ ભુવનપતિ એ પચીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં એકસો પંદર.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ત્રીછા * * લોકમાં કેટલા ?

ઉ. ચારસો ત્રેવીસ તે અડતાલીસ ત્રીઇંચના ત્રણસેં ત્રણ મનુષ્યના અને બહોતેર દેવતાના તે સોળ વહાણ વંતર દશ ઝુમકા અને દશ જ્યોતસીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં ચારસો ત્રેવીસ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ઉર્ધ્વ * * * લોકમાં કેટલા ?

ઉ. એકસો બાવીસ તે છેતાલીસ ત્રીઇંચના બાદર અગ્ની વરજીને દેવતાના છોંતેર તે ત્રણ કીલમશી બાર દેવલોક નવ લોકાંતીક નવ ગ્રીવેક પાંચ અનુંતર વીમાન એ આડત્રીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

---

*૧ અધોલોક તે નીચેનો * * ત્રીછો લોક તે માણુસ રહે છે તે * * * ઉર્ધ્વ તે ઉંચો લોક.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી સાતમી નર્કની હેઠળ કેટલા ?

ઉ. બાર તે પાંચ સુક્ષ્મ એકેંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને બે બાદર વાયરાના એવં બાર.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી ગર્ભજમાં કેટલા ?

ઉ. બસેબાર તે એકસોએક ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા. એ બસેં બે અને ગર્ભજ જલચર થલચર ઉરપર ભુજપર ખેચર એ પાંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવં બસોબાર.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી અણુ ગર્ભજમાં કેટલા ?

ઉ. ત્રણુસે એકાવન તે ચઉદ નરકના એકસો અઠાણું દેવતાના એકસો એક સમુર્છીમ મનુષ્યના આડત્રીસ ત્રીઇંચના એવં સર્વ મળી ત્રણુસો એકાવન.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી જુગલીયામાં કેટલા ?

ઉ. બસેંઅઠોતેર તે છપન અંતર દ્વીપ મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા પાંચ હેમવય પાંચ ઇરિરવૃત પાંચ હરિવાસ પાંચ રમકવાશ પાંચ દેવકુરૂ પાંચ ઉતરકુરૂ પાંચ ભરત પાંચ ઇરવૃતના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને છનુ સમુર્છીમના અપર્યાપ્તા. સર્વ મલી બસેંઅઠોતેર.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી એકલા જુગલીયામાં કેટલા ?

ઉ. બસોઅઠાવન તે છયાસી જાતિના જુગલીયાના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને છયાસી સમુર્છીમના અપર્યાપ્તા. એવં બસોઅઠાવન.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી આકાશના પોલારમાં કેટલા ?

ઉ. બાર તે પાંચ શુક્ષ્મ એકઈન્દ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા તથા બાદર વાયરાના બે.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી લોકમાં કેટલા ?

ઉ. પાંચસેં ત્રેસઠે પૂર્વવત્

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી અલોકમાં કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. સીધ ભગવંતના જીવ લોકમાં કે અલોકમાં ?

ઉ. લોકમાં પણ અલોકમાં નહિ.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાં સીધના જીવ ખરા કે કેમ ?

ઉ. પાંચસે ત્રેસઠમાં નહિ કારણ કે પાંચસેં ત્રેસઠ જીવને જન્મ મરણ છે અને સીધના જીવને હોય નહિ જેથી.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી લોકને અગ્ર ભાગે કેટલા ?

ઉ. દશ, પાંચ સુક્ષ્મ એકઈન્દ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા કારણ કે લોકના અગ્ર ભાગે શુક્ષ્મનોજ દાયકો છે.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સંજ્ઞી કેટલા ?

ઉ. ચારસો ચાળીસ તે એકસો અઠાણું ભેદ દેવતાના બસો બે મનુષ્યના ચઉદ નારકીના અને દશ જાતીના ત્રીઇંચ એ સર્વ મળી ચારસેં ચોવીસ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી અસંનીમાં કેટલા ?

ઉ. એકસો એકાણું તે એકસો એક સમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા અને આડત્રીસ ત્રીઈંચના એક પહેલી નરકના અપર્યાપ્તા પંદર પરમાધાની સોળ વહાણવંતર દશ ઝુંબકા દશ ભુવનપતિ. એકાવનના અપર્યાપ્તા એવં એકસો એકાણું.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી અસંની પચેંન્દ્રીના કેટલા ?

ઉ. એકસો અગીયાર તે એકસો એકક્ષેત્ર સમુર્છીમના અપર્યાપ્તા પાંચ અસંની ત્રીઇંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી સંની પંચેન્દ્રીના કેટલા ?

ઉ. ચારસો ચોવીસ તે એકસો અઠાણું ભેદ દેવતાના બસે બે ગર્ભજ મનુષ્યના ચૌદનારકીના દશભેદ સંની ત્રીઇંચ ગર્ભજના સર્વ મળી. ચારસો ચોવીશ.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી સમુચે પચેન્દ્રીમાં કેટલા ?

ઉ. પાંચસેં પાંત્રીસ તે એકસો અઠાણું ભેદ દેવતાના ત્રણસેં ત્રણ મનુષ્યના વીશ ત્રીઇંચના ચઉદ નારકીના એવં પાંચસે પાંત્રીસ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી શ્રોત ઈન્દ્રીમાં કેટલા ?

ઉ. પાંચસો પાંત્રીસ. એકસો અઠાણું દેવતા ત્રણસેં ત્રણ મનુષ્યના વીશ ભેદ ત્રીઇંચના ચઉદ નારકીના.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી ચક્ષુ ઇન્દ્રીમાં કેટલા ?

ઉ. પાંચસો સાડત્રીસ. એકસો અઠાણું દેવના ત્રણસો ત્રણ મનુષ્યના વીશ ત્રીઇંચના ચઉદ નારકીના બે ચોરેંદ્રીના તે અપર્યાપ્તા અને પર્યાપ્તા

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી ઘ્રાણ ઇન્દ્રીના કેટલા ?

ઉ. પાંચસો ઓગણચાલીસ. તે પૂર્વના પાંચસો સાડત્રીસ અને તેઇંદ્રીના બે અપર્યાપ્તા અને પર્યાપ્તા મેળવતાં ત્રીઇંચના ચોવીશ થાય

પ્ર. જીવના પાંસસેં ત્રેસઠ ભેદમાંથી રસેંદ્રીમાં કેટલા ?

ઉ. પાંચસો એકતાલીશ. તે પૂર્વવતની પેઠે પણ બે ઇન્દ્રીના બે વધારે

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ફરસેંન્દ્રીના કેટલા ?

ઉ. પાંચશો ત્રેસઠ લાભે તથા એકેન્દ્રીના બાવીસ પણ કેટલાક કહેછે.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી શકાયામાં કેટલા ?

ઉ. પાંચસેં ત્રેસઠ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી અકાયામાં કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ઈન્દ્રી રહિતમાં કેટલા ?

ઉ. ત્રણુસેં ચોપન તે એકસો એક ગર્ભજ મનુષ્યના વાટે વહેતા એકસો એક સમુર્છીમ મનુષ્યના વાટે વહેતા નવાણું જાતિના દેવતાની વાટે વહેતા સાત નરકના વાટે વહેતા અને પંદર કરમ ભુમીના પર્યાપ્તા વાટે વહેતા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ઈન્દ્રી શીવાયના કેટલા ?

ઉ. પંદર તે પાંચ ભર્ત પાંચ એલાવૃત પંચ મહાવિદેહ એ પંદરના પર્યાપ્તા કેવળી આશ્રી

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી પૃથ્વી કાયના કેટલા ?

ઉ. ચાર શુક્ષ્મ પૃથ્વી કાયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો બાદર પૃથ્વી-કાયનો અપર્યાપ્તો અને પર્યાપ્તો.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાં *અપકાયમાં કેટલા ?

ઉ. ચાર શુક્ષ્મ પાણી અને બાદર પાણીનો અપર્યાપ્તો અને પર્યાપ્તો

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી વાયરાના કેટલા ?

ઉ. ચાર તે શુક્ષ્મ વાયરો અને બાદર વાયરાના અપર્યાપ્તો અને પર્યાપ્તો

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી વનસ્પતીકાયના કેટલા ?

ઉ. છ; સુક્ષ્મ વનસ્પતિનો અપર્યાપ્તો અને પર્યાપ્તો. પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા, સાધારણ વનસ્પતિના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી ત્રસકાયના કેટલા ?

ઉ. પાંચસો એકતાલીસ. તે ચઉદ નર્કના એકસો અઠાણું દેવતાના ત્રણુસેં ત્રણ મનુષ્યના અને જલચર, ભુજપર, થલચર, ઉરપર,

---

* અપકાય એટલે પાણી.

ખેચર એ પાંચ સમુર્છીમ અને પાંચ ગર્ભજ દશના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને બેઈન્દ્રી તે ઇન્દ્રી ચૌરંદ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ અઠાવીસ ત્રીઈંચના.

પ્ર. જીવના પાંચસો ત્રેસઠ ભેદમાંથી સજ્જોગીમાં કેટલા ?

ઉ. પાંચસેં ત્રેસઠ લાભે.

પ્ર. જીવના પાંચસોં ત્રેસઠ ભેદમાંથી કાય જોગમાં કેટલા ?

ઉ. પાંચસેં ત્રેસઠે લાભે.

પ્ર. જીવના પાંચશેં ત્રેસઠ ભેદમાંથી પંદરે જોગમાં કેટલા ?

ઉ. પંદર તે પાંચભરત પાંચઈરવ્રત અને પાંચ મહાવિદેહ એ પંદરના પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી સત્ય મનજોગમાં કેટલા ?

ઉ. બસેંબાર. તે સાત નરકના નવાણું દેવના એકસોએક સંજ્ઞી મનુષ્યના પાંચ સંજ્ઞી ત્રીઇંચના પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી અસત્ય મન જોગમાં કેટલા ?

ઉ. બસેંબાર તે પૂર્વવત્

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી મીશ્ર મન જોગમાં કેટલા ?

ઉ. બસેંબાર તે પૂર્વવત.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી વ્યવહાર મનજોગમાં કેટલા ?

ઉ. બસેંબાર તે પૂર્વવત્

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી સત્યવચન જોગમાં કેટલા ?

ઉ. બસેંબાર પૂર્વવત્

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી અસત્ય વચન જોગમાં કેટલા ?

ઉ. બસેંબાર પૂર્વવત્.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી મીશ્રવચન જોગમાં કેટલા ?
ઉ. બસેંબાર પૂર્વવત્
પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી વ્યવહાર વચન જોગમાં કેટલા ?
ઉ. બસેંવીસ તે નવાણું જાતના દેવતા એકસોએક ગર્ભજ મનુષ્યના સાતનર્ક પાંચસંગ્ની ત્રીઈચ પાંચઅસંગ્ની ત્રીઈચિ તેઈંદ્રી બેઇન્દ્રી ચૌરંદ્રી એ સર્વના અપર્યાપતા.
પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી ઉદારીક જોગમાં કેટલા ?
ઉ. ત્રણશેએકાવન તે ત્રણસેંત્રણ ભેદ મનુષ્યના અડતાલીસત્રીઈચના
પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી ઉદારીકના મીશ્રમાં કેટલા ?
ઉ. બસેસુડતાલીસ તે મનુષ્યના બસેંસતર છયાસી જાતના જુગલીયાના પર્યાપ્તા બાદ અને ત્રીઈચના ત્રીસ તે શુક્ષ્મ તથા બાદર પૃથ્વીના પર્યાપ્તા તથા બાદર વાયરાના પર્યાપ્તા.
પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી વૈક્રેય જોગમાં કેટલા ?
ઉ. બસેંત્રેવીસ તે એકસો અઠાણું દેવતાના પંદર કરમ ભુમીનાપર્યાપ્તા પાંચ સંગ્ની ત્રીઈચના પર્યાપ્તા વાયરાના પર્યાપ્તા નારકીના ચઉદ સર્વે મળી બસેંતેવીસ.
પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી વૈક્રેયના મિશ્રમાં કેટલા ?
ઉ. બસેંઓગણીસ તે દેવતાના એકસોચોરાશી તે દશ ભુવનપતિ પંદર પરમાધાની સોળ વહાણવ્યંતર દશ ઝુંબકા દશ જ્યોતસી ત્રણ કીલ્બીસી નવ લોકાંતીક બાર દેવલોક એ પંચાશીના અપર્યાપ્તા અને પર્યાપ્તા પંદર કરમભુમી અને પાંચ સંગ્ની ત્રીઈચ એ વીશના પર્યાપ્તા અને એક વાયરાનો પર્યાપ્તા અને ચઉદ નારકીના.
પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી અહારકમાં કેટલા ?

ઉ. પંદર તે પાંચ ભરતના પાંચ ઈરવ્રત પાંચ મહાવીદેહ એના પર્યાપ્તા.

પ્ર. જીવનાપાંચસેત્રેસઠ ભેદમાંથી આહારકના મીશ્રમાં કેટલા ?

ઉ. પૂર્વવત્ પંદર.

પ્ર. જીવના પાચસેત્રેસઠ ભેદમાંથી કારમણ જોગમાં કેટલા !

ઉ. ત્રણસેસુડતાલીસ. તે સાત નરકના અપર્યાપ્તા નવાણું દેવતાના અપર્યાપ્તા ચોવીસત્રીઈંચના અપર્યાપ્તા એકસોએક ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા એકસોએક સમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા અને પંદર કરમભુમીના પર્યાપ્તા એ સર્વ મળી ત્રણસેસુડતાલીસ

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી ઉદારીક શરીરમાં કેટલા ?

ઉ. ત્રણસેએકાવન તે ત્રણસેત્રણભેદ મનુષ્યના અને અડતાલીસ ત્રીઈંચિના.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી વૈક્રેય શરીરમાં કેટલા ?

ઉ. બસેત્રેવીસ. તે એકસોઅઠાણુ દેવતાના ચઉદ નરકના પંદર કરમભુમીના પર્યાપ્તા પાંચ સંજ્ઞી ત્રીઈંચના પર્યાપ્તા અને વાયરાનો એક.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી અહારક શરિરમાં કેટલા ?

ઉ. પંદર પાંચભરત પાંચઈરવૃત પાંચમહાવીદેહના પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી તેજસ શરિરમાં કેટલા ?

ઉ. પાંચસેત્રેસઠ.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી કારમણ શરિરમાં કેટલા !

ઉ. પાંચસેત્રેસઠ.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી અજયોગીમાં કેટલા ?

ઉ. પંદર કરમભુમીના પર્યાપ્તા તે કેવળીઆશ્રી

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાંથી સવેદીમાં કેટલા ?

ઉ. પાંચસેત્રેસઠ.

પ્ર. જીવના પાંચસેત્રેસઠ ભેદમાં થી સ્ત્રીવેદમાં કેટલા ?

ઉ. ત્રણુસેંચાલીસ તે બસેંબે ગર્ભજ મનુંષ્યના અને દશ ભુવનપતિના પંદર કરમાધાની સોળ વહાણવ્યંતર દશ જુંબકા દશ જ્યોત્સી પહેલું બીજુ દેવલોક એક કીલમસી એ ચોસઠના અપર્યાપ્તા અને પર્યાપ્તા પાંચ સંજ્ઞી ત્રીઈંચના અપર્યાપ્તા ને પર્યાપ્તા એવં ત્રણુસેં ચાલીશ.

પ્ર. જીવના પાંચસેંત્રેસઠ ભેદમાંથી પુરૂષ વેદમાં કેટલા ?

ઉ૦ ચારસેં દશ તે ૩૪૦ પૂર્વ કહ્યાં તે અને બકાતના ૩જા દેવલોકથી પાંચ અનુતર વિમાનસુધી ગણી જવું

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી નપુસક વેદમાં કેટલા ?

ઉ૦ ૧૯૩ તે એકસોએક સંમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા પંદર કરમ ભુમીના અપર્યાપ્તા અડતાલીસ તીર્યંચના ૧૪ ભેદ નરકના

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી એકલા સ્ત્રીવેદમાં કેટલા ?

ઉ૦ એકેનહિ

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી એકલા પુરૂષવેદમાં કેટલા ?

ઉ. સીતેર તે ત્રીજા દેવલોકથી બારમા દેવલોકસુધી દશ દેવલોક બે કીલમસી નવ લોકાંતીક નવગ્રીવેક પાંચ અનુતરવિમાન એ પાં-ત્રીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના પાંચસોત્રેસઠ ભેદમાંથી એકલા નપુસક વેદમાં કેટલા ?

ઉ. એકસોત્રેપન તે એકસો સંમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા ચૌદ નરક૦

ના આડત્રીસ ત્રીઈંચના તે જલચળ, થળચલ, ઉરપર, ભુજપર, ખેચર એ પાંચ સમુર્છીમના અપર્યાપ્તા અને પર્યાપ્તા બેઈન્દ્રી તેઈન્દ્રી અને ચૌરંન્દ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને બાવીસ એકેન્દ્રીના.

પ્ર. જીવના પાંચસે ત્રેસઠ ભેદમાંથી સ્ત્રી વેદ પુરૂષ વેદમાં કેટલા ?

ઉ. ત્રણસેં. છયાશી જાતના જુગલીયાના અપર્યાપ્તા અને પર્યાપ્તા દશ ભુવતપતિ પંદર કરમાધાંની સોળ વહાણુવ્યંતર દશ ઝુંબકા દશ જયોત્સી અને પહેલું બીજુ દેવલોક એ ચોસઠ દેવતાના અપર્યાપ્તા અને પર્યાપ્તો.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી પુરૂષ તથા નપુશક વેદમાં કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. જીવના પાંચસેં ત્રેસઠ ભેદમાંથી નપુશક સ્ત્રી વેદમાં કેટલા ?

ઉ. એકે નહિ.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી અવેદીમાં કેટલા ?

ઉ. પંદર કરમભુમીના પર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી સકાયામાં કેટલા ?

ઉ. ૫૬૩.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી ક્રોધકપાયમાં કેટલા ?

ઉ. ૫૬૩.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી માન કષાયમાં કેટલા ?

ઉ૦ ૫૬૩.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી માયાકષાયમાં કેટલા ?

ઉ. ૫૬૩.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી લોભકષાયમાં કેટલા ?

ઉ. ૫૬૩.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી અકષાયમાં કેટલા ?

ઉ. પંદર કરમભુમીના અપર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી અલેશીમાં કેટલા ?

ઉ. પંદર કરમભુમીના પર્યાપ્તા. તે ચઉદમા ગુણસ્થાનક આશ્રી.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી સલેશીમાં કેટલા ?

ઉ. ૫૬૩

પ્ર. જીવના ૫૬૩ ભેદમાં કૃશ્નલેશામાં કેટલા ?

ઉ. ચારસેંઓગણસાઠ તે પાંચમી છઠી સાતમી નર્કના અપર્યાપ્તા અને પર્યાપ્તા દશભુવનપતિ પંદરપરમાધાની સોળવહાણવ્યંતર દશઝુંબકા એ એકાવનના અપર્યાપ્તા અને પર્યાપ્તા ત્રણસેત્રણ ભેદ મનુષ્યના અને અડતાલીશ તીર્યંચના.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી નીલલેશામાં કેટલા ?

ઉ. ચારસેંઓગણસાઠ તે ત્રીજી ચોથી પાંચમી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા અને એકાવન જાતિના દેવતાના અપર્યાપ્તા અને પર્યાપ્તા ત્રણસેત્રણ મનુષ્યના અડતાલીશ તીર્યંચના

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી કાયલેશામાં કેટલા ?

ઉ. ચારસેં ઓગણસાઠ. તે પહેલી બીજી તીજી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાકીના પૂર્વના લેવા

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી તેજુલેશામાં કેટલા ?

ઉ. ત્રણસે તેતાલીસ તે બસેએ ભેદ ગર્ભજ મનુષ્યના પાંચ સંની તીર્યંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા પૃથ્વી પાણી અને વનસ્પતિ બાદરના અપર્યાપ્તા ચોસઠ જાતના દેવતા તે દશભુવનપતિ પંદર

પરમાધાની સોળવહાણવ્યંતર દશજુંબકા દશજ્યોત્સી પહેલું બીજું દેવલોક એક કીલમશીના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી પદ્મલેશ્યામાં કેટલા ?

ઉ. છાસઠ. તે પાંચભરત પાંચઈરવત પાંચમહાવિદેહ એ પંદરના અપર્યાપ્તા અને પર્યાપ્તા ત્રીજું ચોથું અને પાંચમું દેવલોક એક કીલમસીના અપર્યાપ્તા અને પર્યાપ્તા નવલોકાંતીકના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી શુકલ લેસ્યામાં કેટલા ?

ઉ. ચોરાશી તે છઠાથી બારમા દેવલોક સુધી એક કીલમશી નવ ગ્રીવેક પાંચ અનુતર વીમાન એ બાવીશ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા પંદર કરમભુમી પાંચ સંની તીર્યંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી એકલી કૃશ્ન લેશાના કેટલા ?

ઉ. ચાર તે છઠી સાતમી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી એકલી નીલ લેશ્યામાં કેટલા ?

ઉ. બે તે ચોથી નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર. જીવના ૫૬૩ ભેદમાંથી એકલી કાપુત લેસ્યામાં કેટલા ?

ઉ. એકે નહી.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી કાપુત લેસ્યામાં કેટલા ?

ઉ૦ ચાર તે પહેલી બીજી નર્કના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી એકલી તેજુ લેશ્યામાં કેટલા ?

ઉ૦ છવીશ તે દશ જ્યોત્સી પહેલું દેવલોક એક કીલમશી એ તેરના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી પદ્મ લેશ્યામાં કેટલા ?

ઉ૦ છવીશ તે ત્રીજુ ચોથું પાંચમુ દેવલોક એક કીલ્બીષીક નવ લોકાંતીક એ તેરના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી એકલી શુકલ લેશ્યામાં કેટલા ?

ઉ૦ બહેંતાલીશ તે છઠ્ઠાથી પાંચ અનુતર વેમાન સુધી લેતા એકવીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી છએ લેશ્યામાં કેટલા ?

ઉ૦ ચાલીશ પંદર કરમ ભુમી અને પાંચ સંની તીર્યંચ એ વીસના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી પહેલી પાંચ લેશ્યામાં કેટલા ?

ઉ૦ એકે નહિ.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી ચાર પહેલી લેશ્યામાં કેટલા ?

ઉ૦ બસેં સીતોતર તે એકાવન જાતિના દેવના અપર્યાપ્તા અને પર્યાપ્તા પૃથ્વી પાણી અને વનસ્પતી બાદરના અપર્યાપ્તા ૮૬ જાતના જુગલીયાના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી પહેલી ત્રણ લેશ્યામાં કેટલા ?

ઉ૦ ૧૩૬તે ૧૦૧ સમુર્છીમ મનુષ્યના અપર્યાપ્તા પાંચ અસંની ત્રીઇંચના અપર્યાપ્તા અને પર્યાપ્તા ત્રણ વિગલેન્દ્રીના અપર્યાપ્તા અને પર્યાપ્તા પાંચ સુક્ષ્મના અપર્યાપ્તા અને પર્યાપ્તા બાદર પૃથ્વી પાણી અને વનસ્પતીના પર્યાપ્તા તેઉવાઉના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી બે લેશ્યામાં કેટલા ?

ઉ૦ ચાર તે ત્રીજી અને પાંચમી નર્કના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી એક લેશ્યામાં કેટલા ?

ઉ૦ છત્રીસ તે પહેલી બીજી ચોથી અને છઠી સાતમી નર્ક દશ જ્યો-
ત્સી પહેલું બીજું દેવલોક એક કીલમશી એ અઢારના અપર્યા-
પ્તા અને પર્યાપ્તા

પ્ર૦ જીવના ૫૬૩ ભેદમાંથી સમદ્રષ્ટીમાં કેટલા ?

